જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૧૯ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૭૦/૧૯

## ભારતીય બનાવટના વિદેશીદારૂની શીલબંધ બોટલ નંગ-૫૦ કિં.રૂ.૨૫૦૦૦/- ની મતાનો મુદામાલ પકડી પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

**મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ પ્રોહિબીશનની પ્રવૃતિનેસ્ત નાબુદ કરવા સારુ રાખેલ પ્રોહિબીશનની ડ્રાઈવ સબંધે આજરોજ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ દરમ્યાન કલાક ૧૬/૧૫ વાગે નારોલ આબાદનગર સોસાયટીના નાકા પાસે આવતાં પો.કો.અસ્લમબેગ નશરુબેગ તથા પો.કો.મહેશભાઈ બાબુભાઈ નાઓને બાતમી હકિકત મળેલ કે “ કેનાલ પાસે હિના પાર્ક સોસાયટીમાં રહેતા શેરૂ ઉર્ફે શેરૂ લંગડો મો.અનીશ અંસારી તથા મો.અનીશ ઉર્ફે બગ્ગલ મો.રશીદ અંસારી નાઓ બંને ભેગા મળી પોતાના મકાનમાં કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો લાવી રાખી વેચાણ કરે છે.” જે બાતમી આધારે પંચો સાથે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં આરોપીઓના મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશીદારૂની શિલબંધ બોટલો MCDOWELLS No.1 SUPERIOR WHISKY FOR SALE IN HARYANA ONLY લખેલ જેનો Batch No–112 MFG Date 3-1-19 Net Qty.750 ml લખેલ તથા LIC NO.10014064000458 નો છે. તે ભારતીય બનાવટના વિદેશીદારૂ શિલબંધ બોટલ કુલ નંગ-૫૦ મળી આવેલ જે એક બોટલની કિં.રૂ.૫૦૦/- લેખે વિદેશી દારુની બોટલ કુલ નંગ-૫૦ જેની કિં.રૂ.૨૫,૦૦૦/- ની મતાનો પ્રોહિબીશનનો જથ્થો તપાસ અર્થે કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૩૦/૧૯ ધી પ્રોહીબિશન એકટ કલમ. ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.**

## જુગારનો ગણના પાત્ર કેશ પકડી પાડતી સરદારનગર પોલીસ

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર- ૨ સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી-જુગારની પ્રવુત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૦૪ સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મદદનીશ.પોલીસ.કમીશ્નર " જી" ડીવીજન સાહેબ શ્રી તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.સી.શેખ સાહેબ શ્રી સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સાથે તથા સર્વેલંસ પો.સબ.ઇન્સ. જે.કે.બ્રમભટ્ટ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલ ખાનગી બાતમી હકિકત આધારે કુબેરનગર સંતોષીનગર રેલ્વે પાટાની બાજુમા મહાવીર કશરતશાળાની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં તારીખ: ૨૫/૦૨/૨૦૧૯ ના કલાક ૨૨/૫૫ વાગે રેડ કરી જુગાર રમતા આરોપીઓ (૧)બાબુભાઇ વિરાભાઇ મારવાડી ઉ વ ૪૦ રહેવાસી- સંતોષીનગરના કાચા છાપરા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર + ૪ =(૫) નાઓ જુગાર રમતા મળી આવતાં દાવના નાણા- ૫૦૦૦- તથા અંગ ઝડતીના નાણા રૂપીયા-૧૨,૦૦૦/- મળી કુલ્લે રૂપીયા- ૧૭,૦૦૦/- નો મુદામાલ સાથે રેડ દરમ્યાન મળી આવેલ તથા રેડ દરમ્યાન નહી મળી આવેલ જુગાર રમાડનાર સુધીર જેલીયાભાઇ તમાઇચે રહે- ફ્રી કોલોની છારાનગર કુબેરનગર નાઓ વિરુધ્ધમાં જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**એરપોર્ટ પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સે-૨ તથા ના.પો.કમિશ્રી ઝોન-૪ તથા મ.પો.કમિશ્રી જી ડીવિઝન નાઓએ મિલકત સંબંધી ગુનાઓ લગતા ગુનાઓમાં અસરકારક અટકાયતી પગલાં લેવાની આપેલ સુચના અન્વયે **પ્રકાશ ઉર્ફે પીકન ઉર્ફે ભાકો સ/ઓ સુરેશકુમાર જાતે- ગુમરાણી ઉ.વ-૩૨** નાઓ એરપોર્ટ પો. સ્ટે. વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ કરવાની ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ હોઈ જે અન્વયે એરપોર્ટ પો.સ્ટે. તરફથી મજકુર વિરુધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતાં પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:નંબર-પીસીબી/ડીટીએન/પાસા/૧૯૨/૨૦૧૯ તા.૨૫/૦૨/૧૯ થી પાસા દરખાસ્ત મંજુર કરતાં **પ્રકાશ ઉર્ફે પીકન ઉર્ફે ભાકો સ/ઓ સુરેશકુમાર જાતે- ગુમરાણી** ઉ.વ-૩૨ ને તા-૨૫/૦૨/૧૯ ના રોજ મધ્યસ્થ જેલ ભુજ ખાતે કેદ રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરવામાં છે.

તા-૨૫/૦૨/૨૦૧૯.

## ઇંગ્લીશ દારૂના બુટલેગરને પકડી પાડી પાસા હેઠળ મોકલી આપતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર પો.સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.૫૦૮૭/૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬બી, ૬૫એઇ, ૮૧, ૧૧૬બી મુજબના કામનો આરોપી નામે તેજસ કિશોરભાઇ જાતે મકવાણા ઉ.વ.૨૩ રહે.મકાન નં. ૧ ની બાજુમાં, રામનગર સોસાયટીના છાપરા, કલાપીનગર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાનો મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો બુટલેગર હોય અને ઉપરોક્ત ગુનાના કામે બીયર નંગ-૫ સાથે પકડી પાડેલ હોય જેથી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલતા પાસા હુકમ થતા તેને આજરોજ તા.૨૫.૦૨.૧૯ ના કલાક ૧૭.૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે જુરી જાપ્તા હેઠળ મોકલી આપેલ છે.તા.૨૫.૦૨.૨૦૧૯

## દેશી દારૂના બુટલેગરને પકડી પાડી પાસા હેઠળ મોકલી આપતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર પો.સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.૫૦૯૪/૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એએ, ૮૧, તથા શહેરકોટડા પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૫૦૬૫/૧૯ પ્રોહી ક્લમ ૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના કામનો આરોપી નામે રાજેશ ઉર્ફે રાજુ ગીલબર્ટ ક્રિશ્ચિયન ઉ.વ.૪૨ રહે.નવદુર્ગા પાર્કની ચાલી, સાંઇબાબા સોસાયટીની સામે, રામેશ્વર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાનો મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો બુટલેગર હોય અને ઉપરોક્ત ગુનાના કામે કુલ્લે ૯૮ લીટર દેશીદારૂ સાથે પકડી પાડેલ હોય જેથી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલતા પાસા હુકમ થતા તેને આજરોજ તા.૨૫.૦૨.૧૯ ના કલાક ૨૧.૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે જુરી જાપ્તા હેઠળ મોકલી આપેલ છે.તા.૨૫.૦૨.૨૦૧૯

સ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.